એલપીજી અને ડિઝલની કિંમતમાં તોળાતો ભાવવધારો

નવી દિલ્હી,તા. ૨૬

જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ દિનપ્રતિદિન વધી રહ્યા છે. હવે વધુ એક વધારો ટૂંકમાં ઝીંકાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ હવે એલપીજી સિલિન્ડરની કિંમતમાં દર મહિને ૧૦ રૂપિયા અથવા તો ત્રિમાસિક રૂપિયા ૨૫નો વધારો ઝીંકવાની હિલચાલ ચાલી રહી છે. આ ઉપરાંત ડિઝલની કિંમતમાં પણ લીટરદીઠ બેથી ત્રણ રૂપિયાનો વધારો કરવામાં આવી શકે છે. આ તમામ વિકલ્પો પર વિચારણા ચાલી રહી છે. કેટલાક રાજકીય



વર્તુળોનું એમ પણ કહેવું છેકે ચૂંટણીના સમયમાં આ નિર્ણય લેવામાં ખચકાટનો અનુભવ સરકાર કરી શકે છે પરંતુ ડોલર સામે રૂપિયાની કિંમતમાં થઈ રહેલા ઘટાડાને લઈને વિકલ્પો ઓછા રહ્યા છે.

ડીઝલની કિંમતમાં માસિક સુધારાને ધ્યાનમાં લેવામાં આવે તો કેન્દ્ર સરકાર હવે સ્થાનિક એલપીજી સિલિન્ડરની કિંમતમાં માસિક અથવા ત્રિમાસિક ગાળામાં વધારો કરવા વિચારી રહી છે. ડૉલર સામે રૂપિયાની કિંમતમાં તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. વૈશ્વિક ઓઈલની કિંમતમાં પણ વધારો થઈ રહ્યો છે જેના લીધે સરકારના મહેસૂલી તિજોરી ઉપર વધારાનો ૩૦૦૦૦ કરોડથી વધુનો બોજ પડી શકે છે જે સંકેત આપે છે કે નાણાંકીય અને વર્તમાન ખાતાકીય ખાદ્યમાં વધારો કરી શકે છે. ટોચના સત્તાવાર સૂત્રોએ આજે આ મુજબની માહિતી આપી હતી. સરકારી અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે આ વધારો દર મહિને ૧૦ રૂપિયાનો અથવા ત્રિમાસિક રૂપે ૨૫ રૂપિયાનો હોઈ શકે છે. એલપીજી બિલમાં દર મહિને રૂપિયા ૧૦ના અથવા ત્રિમાસિક રૂપે ૨૫ રૂપિયાના વધારાના તબક્કા ઉપર હાલ ચર્ચા ચાલી રહી છે. અંતિમ નિર્ણય સમય અને પ્રમાણને ધ્યાનમાં લઈને લેવામાં આવશે. અધિકારીઓનું એમ પણ કહેવું છે કે સબસીડીવાળા સિલિન્ડરની સંખ્યા ઉપર મર્યાદા મૂકીને પણ આને હાંસલ કરી શકાય છે.

આ ઉપરાંત સ્થાનિક એલપીજી સિલિન્ડરોની કિંમતમાં સિસ્ટેમેટીક વધારો પણ કરવામાં આવી શકે છે. ડિઝલની કિંમતમાં દર મહિને ૫૦ પૈસાનો લીટર દીઠ વધારો થઈ રહ્યો છે. આ પગલાંથી ફ્યુઅલ સબસીડીને અંકુશમાં લઈ શકાય છે. એલપીજી સિલિન્ડરો ઉપર મર્યાદા મૂકીને પણ સ્થિતિને હળવી કરી શકાય છે. મે મહિના સુધી આ સ્થિતિ ખૂબ સારી હતી. આનાથી ફ્યુઅલ સબસીડીને અંકુશમાં લેવાની સફળતા મળી હતી પરંતુ રૂપિયામાં ફરી એકવાર ઘટાડો શરૂ થતાં હાલત કફોડી બની છે. ડીઝલ ઉપર નુકસાન લિટર દીઠ ચારથી વધીને ૧૧ થઈ ગયું છે જેથી વધારાનો વધુ એક તબ્બો તૈયાર થઈ રહ્યો છે. એલપીજી ઉપરાંત ડીઝલની કિંમતમાં લીટરદીઠ બેથી ત્રણ રૂપિયાનો વધારો કરવામાં આવી શકે છે. ડૉલર સામે રૂપિયો ઘટતા હાલત કફોડી થઈ ગઈ છે. રૂપિયાની કિંમતમાં ઘટાડો થવાથી જાહેર સેક્ટરની ઓઈલ કંપનીઓ ઉપર અંડર રિકવરીમાં સતત વધારો થાય છે. ડીઝલ, કેરોસીન અને સબસીડીવાળા એલપીજીના છૂટક વેચાણ પર જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓને નુકસાનનો આંકડો ૮૦૦૦ કરોડ સુધી એક વર્ષમાં પહોંચી ગયો છે.

ડોલર સામે રૂપિયામાં ફરી ૧૧૦ પૈસાનો મોટો ઘટાડો



ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડો જારી રહ્યો છે. ડોલર સામે રૂપિયામાં ધોવાણ જારી રહેતા કારોબારીઓ ચિંતિત બનેલા છે. આજે રૂપિયામાં વધુ ૧૧૦ પૈસાનો ઘટાડો થયો હતો અને રૂપિયો ફરી ૬૪થી પણ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. ડોલર સામે રૂપિયાની માંગ મહિનાના અંતે ફરી જોવા મળી રહી છે. આયાતકારો અને મૂડીપ્રવાહમાં ધ્યાન આપનારાઓ તરફથી માંગ જોવા મળી રહી છે. રૂપિયો આજે ૬૩.૨૦ના અગાઉના બંધ આંક સામે ૬૩.૬૫ની સપાટીએ ખુલ્યો હતો અને એક વખતે ૬૪.૭૫ સુધી પહોંચ્યો હતો. રૂપિયો કારોબારના અંતે ૧.૭૪ ટકા ઘટીને અથવા તો ૧૧૦ પૈસા ઘટીને ૬૪.૩૦ની નીચી સપાટીએ રહ્યો હતો. ડોલર સામે રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહેતા કારોબારીઓ ચિંતિત બનેલા છે. આવનાર દિવસોમાં રૂપિયાને સ્થિર કરવા વધુ કેટલાક પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આનો સંકેત પણ સરકારે આપ્યો છે.

આયાતમાં કાપ મૂકી દેવાની રિટેલર્સની હવે નવી યોજના

નવી દિલ્હી, તા. ૨૬

ડોલર સામે રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે ત્યારે રિટેલર્સ આયાતમાં કાપ મૂકવા વિચારણા કરી રહ્યા છે. આવનાર દિવસોમાં કિંમતોમાં ૧૦-૧૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. ઘણા રિટેલરો આયાત કરવામાં આવતી પ્રોડક્ટના જથ્થાને સ્ટોર કરવાની પણ ગણતરી કરી રહ્યા છે. છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં ડોલર સામે રૂપિયામાં ૧૫ ટકાનો ઘટાડો થતા આયાત કરવામાં આવતી ચીજવસ્તુઓની કિંમતમાં તીવ્ર વધરો થયો છે. આવી પ્રોડક્ટના કારોબાર સાથે જોડાયેલા કારોબારીઓ અથવા તો રિટેલર્સનું કહેવું છેકે જ્યારે નવો સ્ટોર વેરહાઉસમાં આવશે ત્યારે વાસ્તવિક કિંમત અંગે જાણી શકાશે. નિષ્ણાતોનું કહેવું છે કે આયાત કરવામાં આવતી કન્ઝ્યુમર ડ્યુરેબલની ચીજવસ્તુઓ, એપરલ, ફુડ પ્રોડક્ટ્સ, ફર્નિચરની કિંમતમાં સૌથી વધુ વધારો થયો છે જેથી આના વેચાણને પણ માઠી અસર થઈ છે. આર્થિક મંદી અને ડોલર સામે રૂપિયાના ધોવાણના પરિણામે રિટેલર્સ નવા વિકલ્પો પર વિચારી રહ્યા છે. નવી કિંમતોને કઈ રીતે અમલી બનાવવામાં આવે તેને લઈને પણ કારોબારીઓ નવી વ્યૂહરચના બનાવી રહ્યા છે. હાઈપરસિટીના મુખ્યકારોબારી માર્ક અસ્મનનું કહેવું છે કે ફુડ પ્રોડક્ટના વેચાણને માઠી અસર થઈ છે.

જુદી જુદી ચીજવસ્તુઓની કિંમતમાં વધારો

વિહીપ યાત્રા : સિંઘલ અને તોગડિયાને છોડી મુકવા કોર્ટનો આદેશ

લખનૌ, તા. ૨૬

અયોધ્યાની આસપાસ ૮૪ કોસી પરિક્રમા યાત્રાને લઈને ઉભા થયેલા વિવાદ બાદ ધરપકડ કરવામાં આવેલા વિશ્વહિન્દુ પરિષદના તમામ નેતાઓને આજે હાઈકોર્ટે છોડી મુકવાનો આદેશ કર્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ તમામ નેતાઓને મુકત કરવામાં આવ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે પોલીસને વિહીપના વરિષ્ઠનેતા અશોક સિંઘલ, પ્રવિણ તોગડિયા અને સ્વામી રામભદ્રાચાર્યને તાત્કાલિક છોડી મુકવાના આદેશ કર્યા હતા.

સામાજિક કાર્યકર રંજના અગ્નિહોત્રી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા ઉત્તરપ્રદેશ સરકારને કોર્ટે આ મુજબનો આદેશ કર્યો હતો. કોર્ટે કહ્યુ હતુ કે ધરપકડ કરવામાં આવેલા તમામ લોકોને તાત્કલિકરીતે મુક્ત કરવામાં આવે તે જરૂરી છે. કોર્ટે કહ્યુ હતુ કે કાયદા મુજબ શાંતિભંગ કરવાના મામલામાં ધરપકડ થવાની સ્થિતિમાં કોઈ પણ વ્યક્તિને ૨૪ કલાકથી વધારે સમય સુધી કસ્ટડીમાં રાખી શકાય નહીં. અત્રે નોંધનીય છે કે રવિવારના દિવસે વિશ્વહિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ અશોક સિંઘલને નવી દિલ્હીથી લખનૌ પહોંચ્યા બાદ વિમાની મથકે પકડી લેવામાં આવ્યા હતા. ૮૪ કોસી પરિક્રમા યાત્રા કરવા માટે મક્કમ બનેલા અન્ય સાધુ સંતો અને વિહીપના તથા બજરંગદળના ઘણા નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી હતી. હવે આ તમામ કાર્યકરોને છોડી મુકવાનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટી સરકાર દ્વારા યાત્રાની મંજુરી નહીં આપવા સામેના વિરોધમાં દેશભરમાં જોરદાર વિરોધ કરવામાં આવ્યા હતા. દેશભરમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. કેટલાક રાજ્યોમાં આને સારો પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે કેટલીક જગ્યાઓએ પ્રદર્શનને નબળો પ્રતિશાદ પણ મળ્યો હતો. વિશ્વહિન્દુ પરિષદની પરિક્રમાને ભાજપના નેતાઓએ ટેકો આપ્યો હતો અને ઉત્તરપ્રદેશ સરકારની યાત્રાને મંજુરી આપવા અપીલ કરવામાં આવી હતી.

રાજસ્થાનમાં પેસેન્જર ટ્રેનના કોચ ખડી પડ્યાં

જયપુર,તા. ૨૬

રાજસ્થાનના સિકર જિલ્લામાં રિંગસ નજીક પેસેન્જર ટ્રેનના ચાર કોચ આજે સવારે પાટા પરથી ખડી પડતાં ટ્રેન સેવાને માઠી અસર થઈ હતી. ચુરુ-જયપુર રૂટ ઉપર ટ્રેન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. જો કે આ બનાવમાં કોઈપણ યાત્રીને ઈજા થઈ ન હતી. રેલવે અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે ટ્રેનની ગતિ ધીમી હોવાના લીધે નુકસાન ટળી ગયું હતું. બનાવની જાણ થતાં જ વરિષ્ઠ રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર મામલામાં ઊંડી તપાસ હાથ ધરી હતી.

આ ટ્રેન રિંગસ યાર્ડ નજીક ખડી પડી હતી. ચુરુ-જયપુર હોલિડે સ્પેશિયલ ટ્રેનના ચાર કોચ ખડી પડવા પાછળનું કારણ જાણી શકાયું નથી. ટ્રેકને વ્યવસ્થિત કરવા માટે રાહત ટ્રેન પણ રવાના કરવામાં આવી હતી. કેટલીક ટ્રેનોને આ બનાવના લીધે રદ કરવાની ફરજ પડી હતી. બનાવથી રેલવે તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી.

સમાચાર ઝલક

- ♥ ફૂડ લાયસન્સ લેવા માટે રજીસ્ટ્રેશનની કામગીરી ઓનલાઇન કરવામાં મુશ્કેલી વધી.
- ♥ આતંકી ટુંડાને છાતીમાં દુઃખાવો થતાં એમ્સમાં દાખલ કરાયો.
- ♥ સીંગતેલના ભાવ વધુ તૂટ્યા રૂા. ૧૦નો ઘટાડો.
- ♥ ઝારખંડમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ પર ગેંગરેપ.
- ♥ ચેનલ કંપનીઓ સામે લડત ચલાવતા રાજકોટમાં કેબલ ઓપરેટરો મક્કમ.
- ♥ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને અર્પણ કરાયેલ ૯૩ કિલો ચાંદી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે વપરાશે.
- ♥ ૧૭મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો જન્મદિવસની નવ દિવસ સુધી ઉજવણી કરાશે.
- ♥ બીભત્સ દૃશ્યોવાળી ફિલ્મોને ટીવી પર બતાડવા સામે અદાલતો લાલઘૂમ.
- ♥ રામેશ્વરમ્ સમુદ્ર તટે ત્રાસવાદીઓ ઘુસ્યા હોવાનું અનુમાન.
- ♥ સુપ્રીમનો હુકમ છતાં એસીડનું છૂટક વેચાણ યથાવત, વધુ એક મહિલા પર એસિડથી હુમલો.
- ♥ ભારતની કુલ ૯૯.૫ ટકા વસ્તી એચ.આઇ.વી.થી મુક્ત છે.
- ♥ જગમોહન રેડ્ડી જેલમાં ભૂખ હડતાળ પર ઉતર્યા.
- ♥ આજે રાંધણ-છઠ્ઠ અને શ્રાવણીયા સોમવારના સમન્વયથી પર્વની ઉમંગભેર ઉજવણી બેવડાઇ.
- ♥ દેશની કથળેલી આર્થિક સ્થિતિ માટે લાંબાગાળાના રોકાણનો અભાવ જવાબદાર.
- ♥ તહેવારોમાં રેલ્વે યાત્રીઓને વધુ સુવિધાઓ પુરી પાડશે.
- ♥ ફરી જબ્બર વાદળો છવાયા, સૌરાષ્ટ્ર-ગુજરાત ભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
- ♥ ડુંગળીની આયાત કરવાની તૈયારી.
- ♥ આજથી યુ.એસ.ઓપનનો ન્યુયોર્કમાં શાનદાર પ્રારંભ.
- ♥ ભારત વિરોધી ઇમિગ્રેશન મામલે ઓબામાની મદદની જરૂર : અઝીમ પ્રેમજી.
- ♥ છેલ્લા ૧૦ વર્ષની સરખામણીએ સોનું અને ઇક્વિટીએ ૧૮ થી ૧૯ ટકા વળતર ગુમાવ્યું.
- ♥ અમદાવાદ-રાજકોટમાં ટ્રી-ગાર્ડ તો છે પરંતુ વૃક્ષો ગાયબ છે, તંત્રની ઉદાસીનતા જવાબદાર.
- ♥ રૂપિયો નબળો બનતાં ફિલ્મ નિર્માતાઓ મુશ્કેલીમાં.
- ♥ નાગપંચમીની ઉજવણી થઇ, વિશ્વની તમામ પ્રાચીન સંસ્કૃતિમાં અનેરૂ મહત્ત્વ.

મુંબઈ ગેંગ રેપના બળાત્કારીને મૃત્યુદંડની સુષ્માની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા. ૨૬

મુંબઈમાં ફોટો જર્નાલિસ્ટ પર કરવામાં આવેલા સામૂહિક બળાત્કારના મામલે આજે લોકસભામાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. સભ્યોએ આ મુદ્દાને જોરદારરીતે ઉઠાવ્યો હતો. લોકસભામાં સભ્યો અપરાધીઓને મૃત્યુદંડની સજાની જોરદાર માંગ કરી હતી. બીજી બાજુ ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યુ હતુ કે આરોપીઓ સામે ઝડપથી પગલા લેવામાં આવશે. શિંદેએ ગૃહમાં ખાતરી આપી હોવા છતાં ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી. વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે આ ગુનામાં દોષિતો સામે કઠોર કાર્યવાહી કરવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે કે કેમ તે અંગે પુછવામાં આવતા શિંદે દ્વારા આ મુજબની ખાતરી આપવામાં આવી હતી. સુષ્મા સ્વરાજે ધ્યાન દોર્યુ હતુ કે દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બરના ગેંગ રેપના અપરાધીઓને હજુ સુધી સજા કરવામાં આવી નથી. દિલ્હીના મામલામાં સજા કરાઈ નથી ત્યારે વધુ એક મામલો સપાટી પર આવ્યો છે. નારાજ સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે

વહેલીતકે એક-બે અપરાધીઓને ફાસી થવી જોઈએ જેથી આ પ્રકારના બનાવોને રોકી શકાશે. જુદા જુદા પક્ષોના કેટલાક સભ્યોએ પણ તેમના નિવેદનને ટેકો આપ્યો હતો. નારાજ સભ્યોને ખાતરી આપતા જણાવવામાં આવ્યુ હતુ કે મહારાષ્ટ્ર સરકાર ખૂબજ ઝડપથી આરોપીઓ સામે કાર્યવાહી કરશે. શિંદેએ આ બનાવને વખોડી કાઢીને કહ્યુ હતુ કે પાંચ અપરાધીઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. પોલીસ આ મામલામાં ખુબજ ગંભીર છે. મહારાષ્ટ્ર સરકાર ગુનાની તપાસ ટૂંકમાં પૂરી કરી લેશે. કાયદાનીરીતે ઝડપથી પ્રક્રિયા આગળ વધશે. ૨૨મી ઓગસ્ટના દિવસે આઘાતજનક બનાવ બન્યો હતો તે વખતે દક્ષિણ મુંબઈમાં ફોટો જર્નાલિસ્ટ પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો ત્યારબાદથી પોલીસે પુરાવા એકત્રિત કરી લીધા છે. મેડિકલ અને ફોરેન્સિક ચકાસણી કરવામાં આવી ચુકી છે. ઘટનાસ્થળે મુલ્યંકન પણ કરવામાં આવી ચુક્યુ છે. દિલ્હી ગેંગ રેપની યાદ અપાવતા સુષ્માએ કહ્યુ હતુ કે વધુ એક કિસ્સો સપાટી પર આવ્યો છે. દામિની કેસમાં અપરાધીઓને સજા થઈ નથી.

આસારામની સામે કઠોર પગલા લેવા ઉગ્ર માંગણી

લોકસભામાં સભ્યોએ બળાત્કારના કેસનો સામનો કરી રહેલા ગોડમેન આસારામ બાપુ સામે કઠોર પગલા લેવાની જોરદાર માંગણી કરી હતી. હાલમાં જ એક ટિનેજ યુવતી દ્વારા આસારામ સામે બળાત્કારના આરોપો કર્યા હતા જેથી સરકારનું કહેવું છે કે તેમની સામે તપાસ ચાલી રહી છે. ગૃહમાં મુંબઈ સ્થિત ફોટો જર્નાલિસ્ટ પર બળાત્કારના મામલે તપાસની માંગ કરાઈ રહી હતી ત્યારે આસારામ સામે કઠોર પગલા લેવાની માંગ કરાઈ હતી. જેડીયુના વડા શરદ યાદવે જોરદાર રજુઆત કરતા કહ્યુ હતુ કે એક સંત દેશને હાલમાં ઘણા પ્રશ્નોએ વિવાદમાં મુકી રહ્યા છે. આ કેસમાં શુ પગલા લેવામાં આવી રહ્યા છે. આ કેસમાં એક ટિનેજ યુવતી બળાત્કારના આક્ષેપો કરી ચુકી છે. આ મુદ્દે કેમ વાત કરવામાં આવી રહી નથી. સુશીલકુમાર શિંદેએ મુંબઈ ગેંગ રેપના મામલે નિવેદન કર્યા બાદ શરદ યાદવે આ અંગેની પ્રતિક્રિયા આપી હતી.

વિહીપની યાત્રાનો સમય યોગ્ય નથી : શંકરાચાર્ય

નવી દિલ્હી, તા. ૨૬

વિશ્વ હિન્દુ પરિષદની યાત્રાને અયોધ્યામાં નિષ્ફળતા મળી છે. આ યાત્રાને ખૂબ ઓછા વર્ગોનું સમર્થન મળી રહ્યુ છે. ભાજપ અને બજરંગદળ તરફથી પણ સંપૂર્ણપણે સમર્થન હાથ લાગ્યુ નથી. શંકરાચાર્ય પણ કહી ચુક્યા છે કે યાત્રા માટે આ યોગ્ય સમય નથી. અયોધ્યામાં ગઈકાલે વિશ્વ હિન્દુ પરિષદની ૮૪ કોસી યાત્રાના સંબંધમાં સમાજવાદી પાર્ટીના નેતૃત્વમાં ઉત્તરપ્રદેશ સરકારે વિહીપની યાત્રાને રોકી દીધી હતી. રાજકીય પક્ષોએ આક્ષેપ કર્યો છે કે સમાજવાદી પાર્ટી અને વિશ્વ હિન્દુ પરિષદ જાણી જોઈને આ મુદ્દાને ચગાવી રહી છે અને મતોના ધ્રુવીકરણના પ્રયાસ થઈ રહ્યા છે. ભાજપ, સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ ધાર્મિક મુદ્દાને ઉઠાવી રહ્યા છે. હવે શંકરાચાર્યએ કહ્યુ છે કે યાત્રા માટેનો આ સમય યોગ્ય દેખાઈ રહ્યો નથી. લોકસભામાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવી ચુક્યો છે. શંકરાચાર્યનું કહેવું છે કે હકીકતમાં આ યાત્રા એપ્રિલમાં યોજાય છે. ભાદોમાં ક્યારે પણ આ યાત્રા યોજાઈ નથી. ઉત્તરપ્રદેશ સરકારનું પગલુ બિલકુલ યોગ્ય છે. કાયદો અને વ્યવસ્થાનો મામલો છે. આ મામલે તમામ રાજકીય પક્ષો મેદાનમાં આવી ગયા છે.

પૂંચમાં પાકિસ્તાનના સૈનિકો દ્વારા ફરી એકવાર ગોળીબાર

જમ્મુ, તા. ૨૬

પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામનો ભંગ યથાવત રીતે જારી રાખવામાં આવ્યો છે. આજે પણ યુદ્ધવિરામનો ફરી એકવાર ભંગ કરીને અગ્રીમ ચોકી પર તથા નાગરિક વિસ્તારોમાં પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો.

પુંચ જિલ્લામાં અંકુશરેખા પર આ ગોળીબારથી તંગદિલીપૂર્ણ સ્થિતિ બનેલી છે. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતે પણ જવાબી કાર્યવાહી કરી હતી. સંરક્ષણ પ્રવક્તા કર્નલ આરકે પાલટાએ કહ્યુ હતુ કે પાકિસ્તાની સૈનિકોએ ફરી યુદ્ધવિરામનો ભંગ કરીને મોર્ટાર સેલનો મારો ચલાવ્યો હતો. આધુનિક હથિયારો સાથે ગોળીબાર કર્યો હતો. પુંચ જિલ્લામાં ગરહી સબ સેક્ટરમાં આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. નાગરિક વિસ્તારોને પણ ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા.

ભારતીય સૈનિકોએ જવાબી કાર્યવાહી કરી હતી. કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. વહેલી પરોઢે ગોળીબાર શરૂ થયા બાદ સવારે પાંચ વાગ્યા સુધી ગોળીબાર કરાયો હતો. પાલટો કહ્યુ હતુકે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. પાકિસ્તાની સૈનિકોએ મોર્ટાર સેલ અને ઓટોમેટિક હથિયારો મારફતે ગોળીબાર કર્યો હતો. ગઈકાલે પણ ગોળીબાર કરાયો હતો. ગઈકાલે બે વખત જુદા જુદા સેકટરોમાં ગોળીબાર કરાયો હતો. છઠ્ઠી ઓગસ્ટના દિવસ બાદથી પાકિસ્તાની સૈનિકો દ્વારા નિયમિતરીતે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પુંચમાં છુપો હુમલો કરીને પાંચ ભારતીય સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદથી નિયમિતરીતે ગોળીબાર કરાઈ રહ્યો છે. પહેલી જાન્યુઆરી બાદથી આ વર્ષે પાકિસ્તાની સૈનિકો દ્વારા ૮૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. સર્વોચ્ચ સ્તરે જોરદાર રજુઆત કરાઈ હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી અને પાકિસ્તાની સૈનિકો ભારતના જુદા જુદા અંકુશરેખાના ક્ષેત્રોમાં ગોળીબાર કરી રહ્યા છે. આનાથી સરહદી વિસ્તારોમાં તંગદિલી પ્રવર્તી રહી છે.

પોઝિટિવ થિન્કિંગ (પાના નં. ૪ નું ચાલુ)

શું તમે એ બાળકોની જેમ અવસર પોતે ઊભો નથી કરી શકતા. જે કોઈ સમયે પૂર્ણ રીતે નિરાશ્રિત હતા. તેમની પાસે ના પેટ ભરવા માટે રોટલી હતી કે શરીરે ઢાંકવા માટે કપડાં. તે કડકડતી ઠંડી અને મુસળધાર વરસાદમાં ક્યાંય આશ્રય મેળવી શકતા ન હતા અને તેમને સખત તડકામાં ખુલ્લા પગે દોડવું પડતું હતું. તેઓ અર્ધા ભૂખ્યા રહી કે ક્યારેક ફક્ત પાણી પીને દિવસ પસાર કરતા હતા. એમને કોઈ મદદ કરનાર પણ નહતું. ફક્ત એમનાં હાથ-પગ અને હૃદયની દૃઢતા જ એમની મદદમાં હતી, પરંતુ પ્રભુમાં દૃઢ આસ્થા અને દૃઢ સંકલ્પના બળ પર જ એમણે દુનિયાનું પરિવર્તન કરી દીધું. એમણે એવાં કામો કરી બતાવ્યાં, જે અસામાન્ય વ્યક્તિ પણ ન કરી શકે. એમણે પોતે જ અવસર શોધ્યો અને આજે દુનિયા એમની ખૂબ જ ઋણી છે.

આવી અનેક ઘટનાઓ છે, જેમાં યુદ્ધના સમયે વીરોએ સફળતા મેળવી. શાંતિના સમયે પણ એ લોકોએ જાતે અવસર શોધી કાઢ્યા અને પોતાનું નામ ખ્યાતનામ કર્યું.

શું તમે એમ નથી કરી શકતા? તમને ખબર હોવી જોઈએ કે મહેનતુ માણસ સામાન્ય અવસરને પણ સોનેરી અવસર બનાવી દે છે.

જ્યારે ભાગ્ય તમને સાથ આપતું હોય અને તમારી ફરજ તમારી સામે ઊભી તમને માર્ગ બતાવી રહી હોય તો એ અવસરને હાથથી ના જવા દેશો. માર્ગની મુશ્કેલીઓથી ડરીને દૂર ના ભાગશો. અને સુખ જો તમને એના બગીચામાં આવવાની લાલચ આપી રહ્યું હોય તો બીજી બાજુ જોશો પણ નહીં, કારણ, તે તમને ફરજમાંથી હટાવવા માગે છે. તરત જ. વીરતાપૂર્વક તમારા લક્ષ્ય તરફ આગળ વધવાનું શરૂ કરી દો. એ સમયે અવસર પોતે તમારી રાહ જોતો જોવા મળશે.

મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

મહોલ્લાના વિશાળકાય લીમડાનું વર્ણન અને એની સાથે સઘળા જીવોના નાતાની વાત એક યાદગાર લલિતનિબંધનું રૂપ ધારણ કરે છે.

'ટાઇમ કેપ્સ્યુલ' શાળા, કોલેજના વધુમાં વધુ રસિકો સુધી પહોંચે તેવા પ્રયત્નો થયા જ હશે. જેમણે ભર્યું ભર્યું જીવન જીવવું છે. જેમને 'ટાઇમ કેપ્સ્યુલ' જેવા પુસ્તકની શોધ છે તેવા સૌ ભાવકોએ આ આત્મકથા વાંચવી જ પડશે અને અન્યોને પણ વાચવા મજબૂર કરવા જ જોઈએ. સમય નથી એવો દંભ કરીને આપણે કંઈક ગુમાવવું પડે તેવું ન બને તે બાબત ગુજરાતીઓએ ધ્યાનમાં લેવી. મોહનલાલ પટેલનું સરનામું છે :

૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં : (૦૭૯) ૨૬૮૬૨૫૯૮, મો.નં : ૯૯૦૪૪૮૦૫૨૨